દરેક ધારમિક ગ્રહસ્થોને મફત.

શ્રી

સત્યનારાયણની કથા.

ગુજરાતી



છપાવી પ્રસીધ કરનાર
મગનલાલ દયારામ મેહેતા
શુરત નાણાવટ

શુરત ખોદાબક્ષ પ્રેસમાં
એમ. જે. પોષ્ટવાલાએ છાપી.

સંવત ૧૯૫૫ સને ૧૮૯૯

આ ચોપડી મલવાનું ઠેકાણું.

શા૦ મગનલાલ દયારામ મહેતા બહારકોટ

કાલબાદેવી રોડ

શા૦ નરોતમદાસ હીરાચંદ ઠા. તાલાવાલાની

પોળ સુરત

તથા દરાજની દવા મફત પણ તેજ ગૃહસ્થ તરફથી મળશે.



अथ सत्यनारायण कथा.

અયોધ્યાની સમીપે નિમિશ્યારણ્યમાં, રહેનારા અને જોનારા શૌનકઆદી રૂષીયો સંપુર્ણ પુરાણો જાણનારા સુત નામના પુરાણીને નિશ્ચયનો પ્રશ્ન કરતા હતા.

કે હે મહામુને? કીયું વ્રત અથવા તપ કર્યાથી વાંછીત ફળ પ્રાપ્ત થાય છે. તે શ્રવણ કરવા અમે ઈચ્છા કરીએ છીએ, માટે આપ અમને કથન કરો. ॥૨॥

એવો પ્રશ્ન શ્રવણ કરીને સુતજી કહે છે, કોઈ કાળને વિષે દેવરૂષી નારદજીએ શ્રી કૃષ્ણજીને વૈકુંઠમાં એવોજ પ્રશ્ન કર્યો હતો, તેમાં જે શ્રી કૃષ્ણ ભગવાને ઉત્તર આપ્યો તેજ હું તમને કહું છું. તે તમો સાવધાન થઈને સાંભળો ॥૩॥

આ પ્રશ્ન શ્રી ભગવાનને કરતાં પેહેલાં શ્રી નારદજી રૂષી એક વખત મનુષ્ય લોકમાં પારકા ઉપર કૃપા કરવી આ હેતુથી આવ્યા. ॥૪॥

અને તે પછી મનુષ્ય લોકમાંના અનેક માણસો નાના પ્રકારના કલેશ અનેક યોનીમાં જન્મઆદી ઘણા

પ્રકારનાં દુઃખો ભોગવે છે, અને પોતાના કર્મ કરીને કલેશ પામે છે એવું જોઈને. ॥ ૫ ॥

કીયો ઉપાય કર્યાથી આ સર્વ મનુષ્યનાં દુઃખ કલેશ દુર થાય, એવો વિચાર મનમાં લાવી નારદરૂપી અનેક પ્રકારોના સર્વ લોકોમાંથી ફરતા ફરતા વિષ્ણુ લોકમાં ગયા.

વૈકુંઠમાં નારદજી ગયા, અને ત્યાં શુકલવર્ણ ચતુર્ભુજ અને દરેક હાથમાં શંખ ચક્ર ગદા પદ્મ ધારણ કરેલાં છે. પગ સુધી લટકનારી અને શોભા આપનારી વનમાલા કંઠમાં છે. ॥ ૭ ॥

એવા સર્વોત્તમ શ્રી નારાયણદેવ (ભગવાન) ને જોઈ નારદરૂપીએ તેમનો સ્તુતી (વંદના) કરવા આરંભ કર્યો. નારદજી કહે છે વાણી અને મન એથી પણ અતીત એવા અનંત શકિતરૂપને નમસ્કાર કરૂં છું. ॥ ૮ ॥

તમો આદી મધ્ય અને અંત્ય, આ ત્રણ વરગ નિરગુણ છતાં ભકતોની પીડા મટાડવાને સગુણ થવાને આપ સર્વથી પહેલા છો અને ભક્તોનાં દુઃખ દુર કરો છો

આ પ્રમાણે નારદજીએ કરેલી સ્તુતિ સાંભળીને

શ્રી ભગવાન વિષ્ણુ નારદજીને કહે છે, હે નારદજીરૂષી તમો શો હેતુ મનમાં રાખી આવ્યા છો. ॥૧૦॥

તમારા મનમાં જે કાંઈ હેતુ હોય તે મને કહો તેનો ઉત્તર હું તમને કહીશ એવું શ્રી ભગવાનનુ વાક્ય સાંભળી નારદજીરૂષી કહેછે હે પ્રભો? મનુષ્યલોકમાં સર્વજન અનેક કલેસ થકી મુકત એવા અનેક યોનીમાં ઉત્પન્ન થઇને પાપ કર્મથી દુખી પણી રહેલા છે. ॥૧૧॥

માટે તે જનોનાં દુઃખ, હે પ્રભો જે કાંઇ સેહેજ સાજ ઉપાયથી એ દુઃખની શાંતી થાય એવો, ઇલાજ આપની કૃપા મારા ઉપર હોય તો આપની પાસેથી શ્રવણ કરવાની હું ઇચ્છા રાખું છું. ॥ ૧૨ ॥

એવું નારદજીરૂષીનું ભાષણ સાંભળી શ્રીભગવાન કહે છે હે પુત્ર નારદજી તમે ઘણીજ સારી વાત મને પુછી. લોકો ઉપર કૃપા કરવી એવી તમારી ઇચ્છાછે, તો જે વ્રત કર્યાથી તમોએ કહેલા બંધ પીડારૂપી મોહમાંથી તે લોકો મુકત થશે એવો ઉપાય કહું છું તે સાંભળો.

હે પુત્ર ઘણું પુણ્ય આપવાવાળું મનુષ્યલોકમાં અને સ્વર્ગમાં પણ દુર્લભ એવું વ્રત છે, તે તમારી સાથે સ્નેહભાવ હોવાથી હણમાં કહું છું. ॥ ૧૪ ॥

સત્યનારાયણદેવનું વ્રત ઉત્તમ પ્રકારે અને વીધિ યુક્ત કર્યાથી માણસ તત્કાલ સુખ પામશે. અને દેહ છુટયા પછી પણ પરલોકમાં મોક્ષગતે પામશે. ॥૧૫॥

આ પ્રકારનું ઈશ્વરનું વાકય સાંભળીને નારદજી ફરી પુછે છે કે, તે વ્રત કર્યાથી શું ફળ થશે? અને તેનું વિધાન કેવું અને પુર્વે વ્રત કોણ કરેલું. ॥૧૬॥

વિગેરે સવિસ્તર હકિકત અને તે કયારે કરવું તે કહો. એવો નારદજીનો ફરીથી પ્રશ્ન સાંભળીને શ્રી ભગવાન કહેછે કે નારદજી આ સત્યનારણ વ્રત દુઃખ શોક વિગેરેને મટાડવાવાળું અને ધનધાન્યને વધારવાવાળું એવું ઘણુંજ ઉત્તમફળ આપવાવાળું છે ॥૧૭॥

આ વ્રત સ્ત્રીઓને સંતતિ અને સૌભાગ્યની પ્રાપ્તી કરવાવાળું એવું છે; તેમજ પુરૂષોને પણ સર્વે વિજય આપવાવાળું એવું ગમે તે દિવસે પુર્ણ શ્રદ્ધાથી ॥૧૮॥

અપુવાશી રહીને સત્યનારાયણ દેવની સાયંકાળની વખતે બ્રાહ્મણ અને [illegible] સગાંવહાલાં [illegible] વિગેરેની બોલાવી પુજન કરવું ॥ [illegible]

આ પુજનમાં નૈવેદ્યનાં ઘઉંનો રવો પાંચ ચતુર્થાંસ લેઈ તેમાં કેળાં, ઘી, ખાંડ, નાખી સારો શીરો કરીને અર્પણ કરવો ॥ ૨૦ ॥

પુજન કરનારને ઘઉંનો રવો ન મળે તો ચોખાનો લોટ લેવો. ખાંડ ન હોય તો ગોળ લેવો પણ બધો જણુસો સરખી એટલે પાંચ ચતુર્થાંસ લેવી. ॥ ૨૧ ॥

પછી પોતાની શક્તિ પ્રમાણે દક્ષણા બ્રાહ્મણોને આપવી અને શ્રી સત્યનારાયણ વ્રત કથા પોતાનાં સગાં વહાલાં ઇષ્ટ મિત્ર સાથે શ્રવણ કરવી, તે પછી પોતાનું સગાવહાલાં ઈષ્ટ મિત્ર તથા બ્રાહ્મણો સાથે ભોજન કરવું ॥ ૨૨ ॥

અને ભક્તિએ કરી શ્રી સત્યનારાયણ આગળ નૃત્ય તથા ગાયન કરવું એવી રીતે નદીના તીર ઉપર અથવા દેવાલયમાં એવું વ્રત કરીને, શ્રી સત્યનારાયણ ભગવાનનું સ્મરણ કરતે કરતે પોતાને ઘેર જવું ॥ ૨૩ ॥

આ રીતે આ વ્રત ભક્તિથી જે માણસ કરશે તેની મનકામના સિદ્ધિ થશે, આ ઘણું કરીને કલિયુગમાં અનેક તરેહની પીડા થકી જે પીડીત એવા લોકોને આ

સેહેલા ઉપાયથી આ મોટા દુઃખમાંથી મુક્ત થવા સારૂ ઘણોજ નહાનો આ મનુષ્ય લોકમાં ઈલાજ છે.

ઈતી શ્રી સ્કંધ પુરાણે રેવાખંડે સત્યનારાયણ કથા પ્રથમો અધ્યાયઃ ॥ ૧ ॥

અથ સત્યનારાયણ કથા

સુતઊવાચ

સુતજી કહેછે. બીજું એક કહું છું કે આ વ્રત પુરવે રમણીય એવા કાશી ક્ષેત્રને વિષે રહેનારો નિરધન એક બ્રાહ્મન હતો ॥ ૧ ॥

તે દરરોજ ભુખે અને તરશે પીડાએલો આકુ-લવ્યાકુલ થઈ કાશીક્ષેત્રમાં ફરે અત્યંત દુઃખીત બ્રાહ્મણને બ્રાહ્મણ જેને પ્રિય એવા જે શ્રી ભગવાન એ એમણે તેને જોયો ॥૨॥

અને પોતાનું રૂપ બદલી ઘરડા બ્રાહ્મણનું રૂપ લેઈ મે દરદી બ્રાહ્મણને પુછેછે કે હે બ્રાહ્મણ અત્યંત દુઃખીત એવો જે તું આ પૃથ્વી ઉપર શા સારૂ ફરેછે. ૩

આ તારૂં વ્રતાંત સાંભળવા હું ઈચ્છા કરૂં છુ માટે હે બ્રાહ્મણ એજ મને કહે ત્યારે તે દરીદ્રી બ્રાહ્મણ કહે છે હું ગરીબ બ્રાહ્મણ અત્યંત દરીદ્રી છું તેથી ભીક્ષા માગવા સારૂ પ્રથ્વી ઉપર ફરૂં છું ॥ ૪ ॥

હે પ્રભો ભગવાન જો મારૂ દરીદ્ર દુર થાય એવો કાંઈ ઈલાજ આપ જાણતા હો તો તે કૃપા કરીને મને કહો. એવું દરિદ્રી બ્રાહ્મણનું ભાષણ સાંભળી ઘરડા બ્રામણ કહે છે હે બ્રામણ સત્યનારાયણ નામના વિષ્ણુદેવે ઈચ્છેલું ફળ કલિયુગમાં વિધી પુજન કરયા થકી આપનારા એવા પ્રત્યક્ષ છે. ॥ ૫ ॥

શ્રી સત્યનારાયણ કહે છે હે બ્રાહ્મણ તું એ સત્ય દેવનું વ્રત અને પુજન સારી રીતે કર કે જે કર્યા થકી માણસ સર્વ દુઃખથી મુક્ત થાય છે. ॥ ૬ ॥

પછી દરીદ્રી બ્રાહ્મણના રૂપ બદલનારા ઘરડા બ્રાહ્મણે વ્રતનું સરવ વિધાન કહ્યું અને પોતે અંતરધ્યાન થયા. ॥ ૭ ॥

એ ઘરડા બ્રાહ્મણે કહેલું વ્રત હું કયારે કરીશ એવી ઉત્કંઠાથી એ દરીદ્રી બ્રાહ્માણને તે વખતથી તે આખી રાતમાં ઉંઘ આવી નહી. ॥ ૮ ॥

પછી બીજે દીવસે સુર્ય ઉદય થયા પછી દરીદ્રી બ્રાહ્મણ હું આજ સત્યનારાયણનું વ્રત કરીશ એવો સંકલ્પ કરીને તે હમેશના રિવાજ મુજબ ભિક્ષા માગવા સારૂ ગયો. ॥ ૯ ॥

તે દીવસ હમેશના કરતાં એ બ્રાહ્મણને ઘણું દ્રવ્ય મળ્યુ તે મળતાં વારજ તેજ દીવસે એ દરીદ્રી બ્રાહ્મણ પોતાના સગાસંબંધી તથા મિત્ર વિગેરેને બોલાવી તે સાથ શ્રી સત્યનારાયણનું વ્રત કર્યું. ॥ ૧૦ ॥

એ બ્રાહ્મણે પુર્ણ ભક્તિથી શ્રી સત્યનારાયણ દેવનું વ્રત તથા પુજન કર્યાથી થોડાજ વખતમાં દરીદ્રી બ્રાહ્મણ દુખ થકી મુક્ત થઇને અગણિત સંપત્તિનો માલેક થયો એવો આ સત્યદેવના વ્રત તથા પુજનને આ કળિયુગને વિશે તાત્કાલિક અનુભવ થયો તથા થઇ એટલું આપવાનું સામર્થ્ય આ શ્રી સત્યદેવના વ્રતમાં છે. ॥ ૧૧ ॥

એવું જાણીને એ બ્રાહ્મણ દર એક મહિનામાં આવનારી પુર્ણીને દીવશે વ્રત અને પુજા શ્રી સત્યનારાયણ દેવની કરતો અને પુણ્યથી એ બ્રાહ્મણ સર્વે પાપથી નીર મુક્ત થઇને અત્યંત દુર્લભ જે મોક્ષ પદ તે વિશે ગયા. ॥ ૧૨ ॥

જે વખતે શ્રી સત્યદેવનું વ્રત તથા પુજન બ્રાહ્મણ પ્રથ્વી ઉપર કરશે તો તેજ વખતે સર્વ દુઃખથી મુક્ત થશે. ॥ ૧૩ ॥

સુતજી શૌનકાઆદી રૂષીયોને કહે છે કે આ પ્રમાણે શ્રીમન્નારાયણે એ નારદરૂષીને કલિયુગમાં સેહેલા ઉપાયથી વાસના પુરી કરવાવાળું વ્રત પુજન કહ્યું તેજ મેં આપને કહ્યુ. હવે એ શિવાય બીજું આપ શું શ્રવણ કરવા ઇચ્છા રાખો છો. ॥ ૧૪ ॥

એવું સુતજી પુરાણીનું ભાષણ સાંભળીને શૌનકાઆદી રૂષીયો કહે છે કે હે મુને ! એ બ્રાહ્મણના મુખમાથી એ ચરિત્ર આ પ્રથ્વીમાં કોણે શ્રવણ કર્યુ વિગેરે સર્વ આ વ્રત વિશે હકીકત સાંભળવાની અમોને ઘણી ઉત્કંઠા થઇ છે. ॥ ૧૫ ॥

એવું શૌનકઆદી રૂષિયોના ભાષણ સાંભળી સુતજી કહે છે, હે સર્વ મુનીયો આ વ્રત પ્રથ્વી ઉપર એ પછી કોણે કર્યું એ આપને કહું છું તે સાવધાન થઇને સાંભળો. ॥ ૧૬ ॥

પ્રથમ કહેલો બ્રાહ્મણ એક દિવસને વિશે પોતાની સંપત્તી પ્રમાણે પોતાના સગાવહાલાં ઇષ્ટ મિત્ર સાથે શ્રી સત્યનારાયણ દેવનું વ્રત કરવા આરંભ કરે છે એવામાં

એક લાકડાનો ભારો બાંધી માથા ઉપર લેઇ વેચનારો એ ઠેકાણે આવ્યો. ॥ ૧૭ ॥

તેને માથા ઉપરનો ભારો દરવાજા બહાર મુકી શ્રી સત્યનારાયણ દેવની પુજા થતી હતી ત્યાં ગયો અને એ તરશો હતો તોપણ એક ચીતથી તેણે તે બ્રાહ્મણે કરેલું પુજન જોયું અને એ વ્રતની વીધી પણ જોઇ. ॥ ૧૮ ॥

અને તે બ્રાહ્માણને ઘણા આદરસત્કારથી નમસ્કાર કરીને બોલ્યો કે હે બ્રાહ્મણ શ્રેષ્ટ આપ શું કરો છો. આવું કર્યાથી શું ફળ થાય છે તે હે પ્રભો કૃપા કરીને મને કહો. ॥ ૧૯ ॥

બ્રાહ્મણ કહે છે શ્રી સત્યનારાયણ દેવનું સર્વ કામના પુર્ણ કરવાવાળું એવું વ્રત કરૂં છું અને આ વ્રત મેં કર્યું તે દીવસથી શ્રી સત્યનારાયણ દેવના પ્રસાદે કરીને મને ધન્યધાન્ય આદી કરીને મોટી સંપત્તિ મલેલી છે. ॥ ૨૦ ॥

આ પ્રમાણે બ્રાહ્મણના મુખમાથી શ્રી સત્યદેવનું વ્રત લાકડાના ભારાવાળાએ સમજી લેઇ અને ઘણોજ હરખાતો તે બ્રાહ્મણે આપેલો પ્રસાદ ભક્ષણ કરી પાણી પીધું અને પોતાના ગામ વિષે ગયો. ॥ ૨૧ ॥

પછી બીજે દીવસે ભારો વેચવા સારૂં આવતી વખતે શ્રી સત્યનારાયણ દેવ પાસે ભારાવાળાએ મનમાં સંકલ્પ કર્યો કે આજે આ ભારાની કીંમત જો એ શેહેરમાંથી મળશે તો. ॥ ૨૨ ॥

બીજા કારણો ન સમજતાં એ પ્રમાણે શ્રી સત્ય નારાયણ દેવનું વ્રત કરીશ એવો નિશ્ચય કરી ભારો માથે મુકી ચાલતો થયો ॥ ૨૩ ॥

તે એક સુંદર નગરમાં કે જ્યાં શેઠ શાહુકાર લોકો રહેતા હતા તે રસ્તામાં આવ્યો ત્યાં એક શેઠે તેને જે રોજ ભારાની કીમત મળતી હતી તેથી બમણી આપીને ભારો લીધો. ॥ ૨૪ ॥

ભારાવાળાએ બમણી કીમત મળતાંવારજ ઘણો આણંદ થયો અને પાકેલાં કેળાં, ખાંડ ઘી, અને ઘઉં નો રવો વિગેરે પદારથ સવાશેર સવાશેરના પ્રમાણમાં લેઈ બીજી પુજાની સામગ્રી વેચાતી લઈને ઘેર આવ્યો. ॥ ૨૫ ॥

અને સગાંવહાલાં ઇષ્ટમીત્ર તથા બ્રાહ્મણોને બોલાવી મોટા સમારંભથી વિધિપુરવક એ વ્રત કર્યું. ॥ ૨૬ ॥

સુતજી કહે છે કે પેલા ભારાવાળાઓ એ વ્રત કરવાથી તે ધનવાન તથા પુત્રવાન થઇને આ લોકમાં સર્વ સુખ ભોગવીને અંતે શ્રી સત્યપુર એટલે વૈકુંઠને વિશે ગયા. ॥ ૨૭ ॥

ઇતી શ્રી સ્કંદપુરાણે રેવાખંડે સત્યનારાયણ કથા દ્વીતીયો અધ્યાય.

શ્રી સત્યનારાયણ કથા

સુતઉવાચ

સુતજી કહે છે હે શૌનકાદિ ઋષિયો ફરી આપને શ્રી સત્યનારાયણ [illegible] કથાનો પવિત્ર ઇતિહાસ કહું છું તે સાંભળો. ॥ ૧ ॥

જીતેંદ્રિય સત્યવાદી અને દરેક દિવસે મંદીરોમાં દેવ દરસન માટે જઇ બ્રાહ્મણોને ઘણું દ્રવ્ય આપી સંતોષ પમાડતો હતો. ॥ ૨ ॥

એ ઉલ્કામુખ રાજાની સ્ત્રી નામે પ્રમુગ્ધા ઘણીજ સારા સ્વભાવની કમલમુખી અને સુંદર સતી હતી તે પોતાના સ્વામીની સાથે ભદ્રશીલા નામે નદીને તીરે શ્રી સત્યદેવનું વ્રત કરતી હતી. ॥ ૩ ॥

એવામાં તે નદીને કંઠે સાધુ નામે એક વાણીયો ઘણો ધનવાન અને વેપાર અર્થે ઘણા મોતી જવાહીર વિગેરે ધન લેઈને નીકળે.

તેણે તે નદીને કાંઠે પોતાનું વહાણ લાવી જ્યાં રાણી શ્રી સત્યદેવનું વ્રત કરતાં હતાં તેમની પાસે જઇ વિનંતી પુરવક ઘણી નમ્રતાથી પ્રશ્ન કરવા લાગ્યો.

સાધુ પુછેછે હે મહારાજ? આપ ઘણી ભક્તિથી સાથે એક ચિતે આ વખતે શું કરો છો એ ગુલામને હેકરો એવું હું ઇચ્છુછું. ॥ ૬ ॥

એવા પ્રકારે સાધુ નામે વેપારીનું ભાષણ સાંભળતાં વાર રાજા ઉલ્કામુખ કહછે, હે સાધુ વેપારી શ્રી મહાવિષ્ણુ સત્યદેવ છે, જેના મહીમાનો પાર ન આવે એવા તેજસ્વી તેમનું પુત્રના, ધનધાન્ય સંપતી મળે, આ હેતુથી મારાં સગાવહાલાં ઇષ્ટમીત્ર સાથે વ્રત કરૂં છું.

એવું રાજાનું ભાષણ સાંભળી સાધુ સોદાગર ઘણા સત્કારથી કહે છે કે, હે મહારાજ આ વ્રતનું જે કાંઇ વિધાન હોય તે મને સવિસ્તર કહો હું નિશ્ચયથી આપના કહ્યા મુજબ આ વ્રત કરીશ. ॥ ૮ ॥

કેમ જે મને પણ સંતતી નથી, અને આપના કહ્યા પ્રમાણે આ સત્યદેવનું વ્રત કરવાથી સંતતી થશે એ માટે હું વેપાર અરથે દેશાંતર ન જતાં ઘેર જાઉં છું એવું કહી વેપાર અરથે જવું છોડી હરખથી પોતાને ઘેર આવ્યો. ॥ ૯ ॥

અને વ્રતનો મહીમા પોતાની સ્ત્રીને કહીને નિશ્ચય કરયો કે જયારે મને સંતતી થશે ત્યારે હું વ્રત કરીશ. ॥ ૧૦ ॥

એવું લીલાવતી નામની પોતાની સ્ત્રીને સાધુ વાણીયાએ કહ્યું. ॥ ૧૧ ॥

પછી એક દીવશે તેની સ્ત્રી પોતાના ધર્મ પ્રમાણે ચાલનારી એવા પોતાના સ્વામી સાથે હરખાતી રત થએલી શ્રી સત્યદેવના પ્રસાદે કરીને ગર્ભવંતી થઈ. ॥ ૧૨ ॥

તેને દશમે મહીને રત્ન જેવી એક કન્યા થઈ ને ને તે જે પ્રમાણે ચંદ્રમાં સુદ પખવાડીયામાં દિવસે દિવસે મોટો થતો જાય તે પ્રમાણે મોટી થતી. ॥ ૧૩ ॥

તેનું નામ કલાવતી એવું ધર્યું તે પછી સાધુ વાણીઆની લીલાવતી સ્ત્રી પોતાના સ્વામીને મધુર વચનથી

બોલી કે, હે પ્રીય સ્વામી આપે મને શું શ્રી સત્યદેવનું વ્રત શા કારણથી કરતા નથી. ॥ ૧૪ ॥

એવું પોતાની સ્ત્રીનું મધુર ભાષણ સાંભળીને સાધુ વાણીઓ બોલ્યો કે હે પ્રીય એ વ્રત આપણી કલાવતી કન્યાના લગ્ન સમયને વખતે કરીશું. ॥ ૧૫ ॥

આ પ્રમાણે સાધુ વાણીયાએ પોતાની સ્ત્રીને સમજણ આપીને પોતે બીજા નગર વિષે વેપારને અરથે ગયો અહીયાં કલાવતી બાપને ઘેર દીવસે દીવસે મોટી થતી ગઈ. ॥ ૧૬ ॥

પછી લગન કરવા જોગ થએલી કન્યા પોતાની બેહેનપણીઓ સાથે પોતાના નગરમાં એ ધર્મશીલ સાધુ વાણીયાએ જોઈને પોતાના મુનીમને કન્યાનો વર જોવા સારૂ મોકલ્યો. ॥ ૧૭ ॥

આ પ્રમાણે લગનને માટે વર જોવાને સારૂ મોકલેલો મુનીમ કાંચન નામા નગરમાં આવી પહોચ્યો. ॥ ૧૮ ॥

અને ત્યાંથી એક સુંદીર રૂપવાળો વાણીયાનો પુત્ર લેઈ તે મુનીમ પોતાના નગરમાં આવ્યો ત્યારે તે ગુણવાન અને સુંદર એવા વાણીયાનો પુત્ર તે સાધુ વાણીયાએ જોઈને ॥ ૧૯ ॥

પોતાના બધા નાતવાળાઓ અને સગાવહાલા ઇષ્ટ મિત્રને બોલાવી સાથે ઘણાજ હર્ષથી પોતાની કન્યા કલાવતીનું લગ્ન એ ગુણવાન તથા વાણીયાના પુત્રની સાથે કર્યું. ॥ ૨૦ ॥

એ સાધુવાણીયો એ કન્યાના લગ્ન સમય વખતે પણ કર્મના અંતરાયે કરીને શ્રી સત્યદેવનું વ્રત કરવાનું ભુલી ગયો તેને લીધે શ્રી સત્યનારાયણ દેવ તેના ઉપર કોપાય માન થયા. ॥ ૨૧ ॥

આ વ્રતને ઘણાએક દિવસ વિતી ગયા પછી પોતાનુ કર્મ ભોગાવવા સારૂ પોતાના જમાઇને સાથે લેઇને વેપાર અરથે સાધુ વાણીઓ ગયો. ॥ ૨૨ ॥

તે સિંધુ સમુદ્ર નજીક રતન સાગર નામના નગરમાં પોતાના જમાઇ સાથે બારે વેપાર કરવા લાગ્યો. ॥ ૨૩ ॥

તે પછી તહાંથી ચંદ્રકેતુ નામના રાજાના શોભાયમાન શહેરમાં ગયા છે એવામાં ભગવાન શ્રી કૃપાસાગર સત્ય નારાયણ પ્રભુ ॥ ૨૪ ॥

સાધુવાણિયો જુઠુ બોલનારો એવું જાણીને તેને મોટું દુઃખ તથા [illegible] [illegible] [illegible] વિગેરે ઘણું દુઃખ

પ્રાપ્ત થાઓ એવો શ્રાપ દેતા ગયા ॥ ૨૫ ॥

એટલામાં જ્યાં સાધુ વાણીયો પોતાના જમાઈ સાથે રહેતો હતો તાંહાં તે ગામના રાજાનું ધન્ય ખજાનો ફોડી બે ચોર ચોરી લાવી તેના રહેવાના ઘરમાં સન્તાઈ રહ્યા. ॥ ૨૬ ॥

પણ તે ચોરને પકડવા રાજાના સીપાઈઓ તેમની પાછળ દોડી આવ્યા જોઈ ચોરો જ્યાં સસરો અને જમાઈ સુતા હતા ત્યાં ધન નાખી દેઈ છાનામાના ત્યાંથી નાશી ગયા. ॥ ૨૭ ॥

તે પછી સીપાઈઓ જે ઠેકાણે જમાઈ સાથે સાધુ વાણીયો હતો ત્યાં રાજાનું ચોરેલું ધન પડેલું જોઈ સાધુ વાણીયાને તથા તેના જમાઈને કેદ કરી બાંધીને લઈ ગયા. ॥ ૨૮ ॥

અને ઘણા આનંદથી દોડતા આવી રાજાને વધી આપી કે હે મહારાજ બે ચોર લાવ્યા છીયે તેમને જોઈ [illegible] કરો. ॥ ૨૯ ॥

એવું સાંભળી રાજાને [illegible] વિચાર કર્યા વગર એકદમ કેદ કરવાની શીક્ષા આપતાં [illegible] સીપાઈઓએ તેમને [illegible]

બાંધી મોટા કેદખાનામાં લઇ જઇને મુકયા. ॥ ૩૧ ॥

આ કામમાં એ ચંદ્રકેતુ રાજાએ શ્રી સત્યદેવની માયાથી મોહીત થઇને ચોરીયે ગયેલું ધન તો લીધું પણ તેની સાથે અવિચારે સાધુ વાણીયાનું ધન લુટી લીધું. ॥૩૧॥

તેમજ શ્રી સત્યદેવના શ્રાપથી સાધુ વાણીયાએ પોતાને ગામ પોતાના ઘરમાં મુકેલુ બધુ ધન ચોરો લુટી લઇ ગયા તેને લીધે તેની સ્ત્રી પણ ઘણીજ દુઃખી થઇ. ॥ ૩૨ ॥

અને એ સાધુ વાણીયાની સ્ત્રી લીલાવતી ઘણા દુખથી ઘેરઘેર ફરવા લાગી ॥ ૩૩ ॥

તેમજ તેની કન્યા કલાવતી ઘણી નડાની તેપણ દર રોજ ઘેરઘેર ફરી માગી ખાતી. એક દિવસે તે કન્યા ઘણીજ ભુખ લાગ્યાથી આકુળ વ્યાકુળ થઇને એક બ્રાહ્મણના ઘરમા ગઇ. ત્યાં શ્રી સત્યનારાયણ દેવનુ વ્રત તથા પુજા કરતા હતા તે તેણે જોયું. ॥ ૩૪ ॥

એ વ્રત તથા પુજા જોતાંજ ઘણી આનંદ પામી ત્યાંહાં બેઠી અને શ્રી સત્યનારાયણની કથા સાંભળી સત્યદેવની પ્રાર્થના કરી કે મારૂ દુઃખ મટે ને મારો બાપ તથા સ્વામી

[illegible]

અણે આપેલો પ્રસાદ ખાઈ રોજના કરતાં ઘણી મોડી રાતરે પોતાને ઘેર આવી ॥ ૩૫ ॥

ને ઘરમાં આવતા વારજ તેની મા લીલાવતી કલાવતી નામની કન્યાને પુછેછે કે હે પુત્રી તું આજે આટલી રાત સુધી કયાં હતી ને શુ તારા મનમાં છે. ॥ ૩૬ ॥

કલાવતી કન્યા પોતાની માને ઉતાવલે ઉતાવલે કહેછે કે હે મા હું એક બ્રાહ્મણને ઘેર મનમાં ધારેલું કામ પાર પડે એવું વ્રત તથા પુજન અને કથા કરતા હતા ત્યાં બેઠી હતિ. ॥ ૩૭ ॥

એ કન્યાનું બોલવું સાંભળીને લીલાવતી સાધુ વાણી-યાની સ્ત્રી શ્રી સત્યદેવનું વ્રત તથા પુજન કરવા સારૂ તત્પર થઈ. ॥ ૩૮ ॥

ને એ મહા સતી સાધુ વાણીઆની સ્ત્રી પોતાની સગાવહાલા ભાઈભાંડુ સાથે શ્રી સત્યદેવનું વ્રત પોતાના સ્વામી તથા જમાઈ પોતાને ઘેર જલદી આવે એવો હેતુ મનમાં ધરી પુજન કરવા લાગી. ॥ ૩૯ ॥

એ પુજન કરતી વખતે સત્યદેવની પાસે વારેઘડી એવા વર માગતી હતી કે હે શ્રી સત્યનારાયણ પ્રભો મારા

સ્વામી તથા જમાઇના અપરાધ ક્ષમા કરવાને આપજ ચોગ્ય છે. એવી તે લીલાવતી સાધુ વાણિયાની સ્ત્રી પ્રાર્થના કરતી હતી તેથી કરીને એ વ્રત તથા પુજનને ભગવાન શ્રી સત્યનારાયણ પ્રભુ સંતોષ થયા. ॥ ૪૦ ॥

અને માયારૂપી ભગવાને સત્યદેવ એમણે ચંદ્રકેતુ નામના રત્નાસારપુરનો રાજા કે જેણે લીલાવતીનો સ્વામી તથા જમાઇ એમને કેદખાનામાં મુકયા હતા તેને પોતે સ્વપ્નમાં આવી આજ્ઞા કરી કે હે રાજા તું નિરપરાધી બે વાણિયાને બંધીખાનેથી છોડી મુક. ॥ ૪૧ ॥

અને તેમનું જે સઘળું હરણ કરી લીધેલું છે તે સઘળું તેમને પાછું આપ ને તેમને આદર સત્કાર કરીને વિદાય કર, નહી તો તારા ધન ધાન્ય રાજપાટ સ્ત્રી પુત્ર સહીત તારા કુળનો નાશ કરીશ. ॥ ૪૨ ॥

એવું તે રાજાને સ્વપ્નામાં કહિ શ્રી સત્યદેવ અંતર ધ્યાન થઇ ગયા. તે પછી રાજા પ્રભાતને સમયે પોતાના પ્રધાન વિગેરે મંડળી સાથે ॥ ૪૩ ॥

સભામાં સિંહાસન ઉપર બેસી સર્વે કચેરીને સ્વપ્ન કહ્યું ને સિપાઇચોને આજ્ઞા કરી કે બંદીખાને જે હમણાં વાણિયાના પુત્ર કેદખાનાને મુકયા છે તેમને છોડી મુકો. ॥ ૪૪ ॥

એવી રાજાની આજ્ઞા થતાંજ સીપાઈયોએ એ બેઉ જણાઓને બંધીખાનેથી છોડી રાજાની સભામાં લઈ આવ્યા. ॥ ૪૫ ॥

ત્યાંહાં એ બેઉ બંદીખાનેથી છુટેલા વાણિયાના પુત્ર રાજાને ઘણીજ નમ્રતાથી નમસ્કાર કરે છે. ॥ ૪૬ ॥

અને પોતાનો પુર્વનો હેવાલ મનમાં લાવી ભયભીત થઈ કાંઈપણ બોલતા નથી એવા ઘણાજ ગરીબ વાણીયાના પુત્રોને જોઈ રાજા ચંદ્રકેતુ ઘણાજ આદરભાવથી મધાન વિગેરે મળીને આજ્ઞા કરે છે કે ॥ ૪૭ ॥

આ બે વાણિયાના પુત્રોએ આજ સુધી કર્મના અંતરાયે કરીને મોટું દુઃખ ભોગવ્યું. હવે પછી એમને કાંઈ પણ ભય નથી એવી આજ્ઞા થતાંજ પગની બેડીયો તોડી હજામત કરાવરાવી. ॥ ૪૮ ॥

વસ્ત્ર અને ઘરેણા વિગેરે પેહેરાવી સંતોષીક કરયા અને એ બેઉ જણાને પોતાની પાસે બેસારી સારૂ ભાષણ તેમની સાથે કરી ઘણાજ સંતોષ પમાડયો. ॥ ૪૯ ॥

અને એ બેઉનું પ્રથમ જેટલું ધન્ય હરણ કરયું હતુ તેથી બમણુ તેને આપ્યું અને ચદ્રકેતુ કહેવા લાગ્યો કે

જમાઈ સાથે વાણિયા હવે ભાઈ તમો પોતાને ઘેર જાઓ. ॥ ૫૦ ॥

આ પ્રમાણે રાજાનો હુકમ થયા પછી તરત રાજાને સાધુ વાણિયો વંદન કરીને બોલ્યો કે હવે હું આપના આશીરવાદથી મારે ઘેર જઈશ. ॥ ૫૧ ॥

ઇતિ શ્રી સ્કંધપુરાણે રેવાખંડે શ્રીસત્યનારાયણ વ્રતકથાયાં ત્રતીયોધ્યાય.

અથ સત્યનારાયણ કથા

સુતઉવાચ

સુતજી કહેછે—આ પ્રમાણે સાધુ વાણિયાએ મંગલવારી જાત્રા કરીને રાજા પાસેથી મળેલા ધન્યમાંથી થોડુંક બ્રાહ્મણોને ધન્ય વહેંચી આપીને પોતાને નગર વિશે આવવા સારૂ નિકળ્યો. ॥ ૧ ॥

ઘણેએક દુર સાધુ વાણિયાનું વહાણ દરિયામાં જઈ એક ઠેકાણે લંગર કરેલું એવું જોઈ ભગવાન શ્રી સત્યનારાયણ પ્રભુને સાધુ વાણીઆને તારા વહાણમાં શું છે એ પુછવાની ઇચ્છા થઈ. ॥ ૨ ॥

અને પરીબ્રહ્મ ભગવાન શ્રી સત્યનારાયણ દેવ સંન્યાશી બાવાનું રૂપ લઈ જે ઠેકાણે સાધુવાણિયાએ વહાણ લંગર કરયું હતું ત્યાં આવી એ બેઉ જણાને પુછેછે તમારા વહાણમાં શું છે? એ શન્યાશી બાવાનો પ્રશ્ન સાંભળીને આ બંધિખાનેથી હમણાંજ છુટેલા મસ્ત વાણીયાના પુત્ર એમણે એ શન્યાશી બાવાની મસ્કરી કરિને કહેવા લાગ્યા કે હે સન્યાશી બાવા આપ અમારા રૂપીયા લઈ જવા ઇચ્છોછો કે શું. ॥ ૩ ॥

આવી રીતે પ્રથમ તેની મસ્કરી કરી કહે છે કે મારા વહાણમાં વેલા તથા પાંદડા વીગેરે ભરેલા છે. એવું તેમનું કઠોર ભાષણ સાંભળી ભગવાન શ્રી સત્યદેવે કહ્યું કે તમારૂ વચન સત્ય હજો. ॥ ૪ ॥

આ પ્રમાણે ભાષણ કરી આવેલો સન્યાશી સાધુ વાણીયાથી આઘે જઈ દરિઆના કિનારેજ ઉભો રહયો ॥ ૫ ॥

શન્યાશી બાવો ગયો એવું જોઈને સાધુ વાણિઓ પોતાનું ખાવું પીવું વિગેરે નિત્ય કૃત્ય કરી રહી જુવે છે તો વહાણ પાણી ઉપર તરવા લાગ્યું. આ ચમત્કાર જોઈ સાધુ વાણિઓ ઘણોજ વિસ્મય થયો. ॥ ૬ ॥

અને વહાણમાં જુવે છે તો બધા વેલા તથા પાંદડાં જોયાં તે જોઇને એકદમ શોકથી ભોંય ઊપર પડચો ને તે ઘણીકવારે શુદ્ધ ઉપર આવ્યો અને ચિંતા કરવા લાગ્યો. ॥ ૭ ॥

એટલામાં તેનો જમાઇ તેને એવું બોલ્યો કે તમે શા માટે ફિકર કરો છો તમોને હમણાંજ આવેલો સન્યાસી બાવાએ શ્રાપ આપ્યો તેથી કરીને એવું થયું. ॥ ૮ ॥

અને તેના બોલવાથી આ પ્રમાણે થશે એમાં કાંઇ શણુ સંદેહ નથી. એ પ્રમાણે તેમને શરણે જઇએ એટલે આપણું ધારેલું કામ થશે. ॥ ૯ ॥

એવું જમાઇનું બોલવું સાંભળીને સાધુ વાણિયો એ સન્યાસી જયાં હતો ત્યાં તેની પાસે જઇને સાસ્ટાંગ નમસ્કાર કરીને ભક્તિપુર્વક આદરસત્કારથી બોલે છે કે ॥ ૧૦ ॥

હે યતિશ્વર મહારાજ મારા અપરાધનિ ક્ષમા કરો. એવું વારંવાર કહેછે ને કહેછે કે જે હું આપની પાસે બોલ્યો તેની ક્ષમા કરો એવું બોલી ઘણા શોકથી આકુળ વ્યાકુળ થયો. ॥ ૧૧ ॥

એવું જોઇ તે યતિશ્વર સંન્યાસી કહે છે અરે હે વાણિયા, તું રોમાં, તું મારી પુજાથી બહિરમુખ થયો. ॥ ૧૨ ॥

અને હે દુષ્ટ બુદ્ધિવાળા વને મારી આજ્ઞાથીજ ઘણા દુઃખો ભોગવવાં પડયાં એવું પરબ્રહ્મ ભગવાનનું વાક્ય સાંભળીને સાધુ વાણિયો શ્રી સત્યદેવનિ વિનંતી કરવા લાગ્યો. ॥ ૧૩ ॥

સાધુ વાણિઓ કહે છે હે દેવ આપની માયા થકી બ્રહ્માદિ સર્વ દેવ મોહિત થયા છે અને એ દેવ છતાં પણ હે પ્રભુ આપના રૂપ ગુણાદિ વૈભવ જાણતા નથી એ મોટું આશ્ચર્ય જેવું છે. ॥ ૧૪ ॥

હું તો એક પામર માણસ અને તારૂં મારૂં આ માયા જાણનારો છુ. આપને કયાંથી જાણું એવો હું અજ્ઞાન તે માટે મારા ઉપર પ્રસન્ન થાઓ પછી હું આપની મારિ સંપત્તની વડાઈ પ્રમાણે વિધિ વિધાનથી પુજા કરિશ.

હું મારા વહાણમાં ધન્ય વિગેરે છતાં કપટભાવથી ખોટું બોલ્યો એ માટે હે ઇશ્વર તે થકી મારૂ રક્ષણ કરનાર આપ સમરથ છો. એવું ભક્તિભાવનું સાધુ વાણિયાનું વચન સાંભળીને ભગવાન શ્રી સત્યદેવ સંતોષ પામ્યા અને એ સાધુ વાણિયાને તેને મનવાંચ્છિત ફળ આપી ભગવાન અંતરધ્યાન થયા. ॥ ૧૬ ॥

એટલામાં સાધુ વાણીઓ જુવે છે તો પોતાનું વહાણ

પ્રથમ પ્રમાણે ધનથી ભરેલું છે. ॥ ૧૭ ॥

આવું આશ્ચર્ય જોતાંજ સાધુ વાણીઓ કહે છે શ્રી સત્યદેવના પ્રસાદ થકિ મારૂ ઇચ્છિત પુર્ણ થયુ એવું બોલી ત્યાં જે તેના સગાં વાહાલાં હતાં તે સાથે યથા વિધિ શ્રી સત્યદેવનુ પુજન કરયું. ॥ ૧૮ ॥

તે પછી એ સાધુ વાણિયો સત્યદેવની કૃપાથી સુખી થયો અને વહાણ તઇયાર કરાવી પોતાને દેશ જવા સારૂ નિકળયો. ॥ ૧૯ ॥

વાહાણમાં બેઠેલા જમાઇને સસરો કહે છે કે હે જમાઇરાજ મારી રત્નસાર પુરી નગરી દેખાય છે તે જુઓ એવુ કરીને પોતાના ધનનું રક્ષણ કરનાર શિપાઇયોમાંથી એક શિપાઇને પોતાને ઘેર પોતે આવ્યાનુ વર્તમાન કહેવા સારૂ મોકલયો. ॥ ૨૦ ॥

એ વહાણમાંથી ઉતરેલાં સિપાઇયે રત્નસાર પુરી નગર માં જઇ સાધુવાણિયાને ઘેર સાધુવાણિયાની સ્રી જોઇને તેની આગળ હાથ જોડયા. તે વખતે તે સ્રિ પોતાના સ્વામી તથા જમાઇ આવવાની ઇચ્છા કરતી હતી. ॥ ૨૧ ॥

તેજ આ સિપાઇએ કહ્યું કે આપના સ્વામિ આપના

નગરની સમીપમાં જમાઈ તથા બંધુ વર્ગ સાથે ઘણું ધન કમાઈને આવ્યા છે. ॥ ૨૨ ॥

એ સિપાઈના મોંનું બોલવું સાંભળીને એ સતિ વાણિયાની સ્ત્રી ઘણી હર્ષમાન થઇ અને શ્રી સત્યદેવનું તેજ વખતે પુજન કરીને પોતાની કન્યાને કહેવા લાગી. ૨૩

કે હે મારી વાહાલી કન્યા હું સ્વામનક દર્શન માટે પ્રથમ જાઉછું. તું તારા બાપનું દર્શન કરવા આવ. એવું માનું વચન સાંભળીને કલાવતી કન્યાએ શ્રી સત્યનારાયણ ના વ્રતની સમાપ્તિ કરી. ॥ ૨૪ ॥

અને પ્રસાદ લીધા વગર પોતાના સ્વામીનું દર્શન કરવા તત્પર થઇને તરત ગઈ. તે અપમાને કરીને શ્રી સત્યદેવ તેના ઉપર કોપાયમાન થયા અને તેના સ્વામી જે વાહાણમાં હતો તેમાંજ બધુ ધન હતું તેજ વાહાણ જમાઈ ધન સાથે ॥ ૨૫ ॥

દરીઆમાં અદ્રસ્ય થઈ ગયું. તે પછી ઘણીજ જલદીથી આવેલી કલાવતી કન્યાએ પોતાના સ્વામીને દિઠો નહીં. ૨૬

તે ઉપરથી તેને એટલું તો દુખ અને શોક થયો કે જેમ પવનથી કેળનું ઝાડ એકદમ ભોંય ઉપર પડે

છે તેમ એ એકાએક રોતી રોતી ભોંય ઉપર પડી. આ પ્રમાણે વાહાણના તથા કન્યાના હેવાલ જોઈ ॥ ૨૭ ॥

ગભરાઈ ગયેલા મનનો સાધુવાણીયો કહે છે કે આ શું આશ્ચર્ય છે તેમ વાહાણવાળા પણ ગભરાઈ ગયા

પછી લીલાવતી પોતાની કન્યા ભયભીત થયેલી જોઈ દુ:ખથી ઘણોજ વીલાપ કરિ પોતાના સ્વામીને કહે છે.

જોતાંજોતામાં વાહાણમાં આપણો જમાઈ વાહાણ સાથે અદ્રસ્ય થઈ ગયો એતો કાંઈપણ કારણ છે અથવા કોઈ દેવનો અપરાધ થવાથી એ દેવે એ વાહાણ હરણ રૂપ અદ્રસ્ય કર્યું નહીં હોય. ॥ ૩૦ ॥

અથવા શ્રી સત્યદેવનું મહાત્મ જાણવાને કોણ શકિતમાન છે એવુ કહીને ઘણા લોકો મળીને ઘણો શોક કરી રડવા લાગી. ॥ ૩૧ ॥

અને પછી પોતાનિ કન્યા કલાવતિને ખોળે બેસારિ ઘણા વખત સુધી દુઃખથી રડવા લાગી તે જોઈ કલાવતિએ પોતાનો સ્વામી મરિ ગયો છે એવુ ધારીને. ॥ ૩૨ ॥

પોતાના સ્વામીનિ પાદુકાઓ લેઈ તે સાથે પોતે સતિ થવાને તૈયાર થઈ. એ કન્યા કલાવતી પોતાના સ્વામીનિ પાદુકાઓ સાથે બળી મરવાનો નિશ્ચય જોઈ સૌ સાથે સાધુવાણીઓ. ॥ ૩૩ ॥

[illegible] વીચારથી

ચિંતા કરિને બોલે છે શું ? શ્રી સત્યદેવે તો એનું હરણ કર્યું નહિ હોય અને તેમની માયા થકી મોહિત થઇને તે વ્રત હું જાણતો નથી. ॥ ૩૪ ॥

તો આ કામને વાસ્તે ઘણુંજ ધન્ય ખરચીને એ શ્રી સત્યદેવનું વ્રત કરીશ એવું બધા જાણને પાસે બોલાવિ પોતાનો મનોરથ કહ્યો. ॥ ૩૫ ॥

અને શ્રી સત્યદેવને વારેઘડીયે દંડ જેવા નમસ્કાર કરવા લાગ્યો એવો સાધુવાણિયો અનન્ય ભાવથી શ્રી સત્યદેવનેશરણે ગયો તેથી શ્રી સત્યદેવ જે દીન જનોને પાળવાનો સમશેર ફેરવનારા તે સંતુષ્ઠ થયા. ॥ ૩૬ ॥

આકાશમાંથી અશરીર વાણિથી સાધુવાણિયાને ભક્ત વત્સલ ભગવાન કૃપાથી કેહેવા લાગ્યા કે અરે એ સાધુવાણિયા તારી કન્યા મારૂં પુજન કરિને પ્રસાદ ખા- ધા વગર પોતાના સ્વામીના મોહથી ઉતાવળી થતિ આવી

આ કારણથી તેનો સ્વામી આ સમુદ્રમાં અદ્રસ્થ થયો છે એમાં કાંઇ સંદેહ નથી તે માટે જો એ ઘેર જઇ પ્રસાદ ખાઇ પાછી આવશે. ॥ ૩૮ ॥

તો આ તારિ કન્યા તેના સ્વામીને જોશે એમાં લગારે પણ તું સંદેહ માનિશ નહી. ॥ ૩૯ ॥

એવા અશરિર આકાશમાંના વાક્યો સાંભળતાં વારજ [illegible] ઉતાવળીથી પોતાને ઘેર જઇ પ્રસાદ ખાઇ પાછી

[illegible]

અને પોતાનો સ્વામી તેનિ નજર પડયો. ॥ ૪૦ ॥

તે પછી એ કલાવતિ કન્યા પોતાના બાપને કહે છે કે હે તાત હવે જલદિ આપને ઘેર પધારો શા માટે વીલંબ કરોછો ॥ ૪૧ ॥

એવું કન્યાનું મધુર ભાષણ સાંભળીને સાધુવાણીયો આનંદ પામ્યો અને પછી વિધી વિધાનથી શ્રી સત્યદેવનું પુજન કર્યું ॥ ૪૨ ॥

અને ઘણું ધન્ય અને પોતાના સગાવાલા ઇષ્ટ મિત્ર સાથે પોતાને ઘેર આવ્યો અને તે પછી દરેક પુનમે સુર્ય સંક્રાંતિ દિવસે શ્રી સત્યદેવનું પુજન કરતો. ૪૩

તે થકી એ સાધુવાણીયો આ મનુષ્ય લોકમાનાં સર્વ સુખ ભોગવી અને મરણ પછી શ્રી સત્યપુરને વાસે ગયો. ॥ ૪૪ ॥

ઇતી શ્રી સ્કંધપુરાણે રેવાખંડે સત્યનારાયણ વ્રતકથાયાં ચતુર્થોઅધ્યાય: ॥૪॥

શ્રી સત્યનારાયણાય નમઃ

સુતઉવાચ

[illegible]

એથી પણ બીજો એક ઇતીહાસ કહું છું તે સાંભળો. પુર્વે અંગધ્વજ નામનો રાજા પ્રજાનું પાલણ કરવાને તત્પર એવો હતો. ॥ ૧ ॥

એ રાજાએ શ્રી સત્યદેવનો પ્રસાદ છાંડયો આ દોષથી ઘણોજ દુખ પામ્યો તે એવું કે એક દિવસે તે રાજા હરણનો શિકાર કરવા વનમાં જઈ ઘણા પશુને મારી. ૨

એક વડના ઝાડના થડ નજીક આવ્યો અને શ્રી સત્યદેવનું પુજન થતું તેણે જોયું. એ પુજન ગોપગણ એટલે ગોવાળીયા ઘરવે પોતાના ભાઈબંધો સાથે ભકિત કરતા હતા ॥ ૩ ॥

તે જોઈને પણ રાજા તેમનિ પાસે ગયો નહિ તેમ દુરથી પણ તેણે નમ્રતાથી નમસ્કાર કર્યો નહીં તોપણ એ,ગોપગણોએ પુજન કર્યા પછી પ્રસાદ રાજાની પાસે મુકી

બધા પાછા આવ્યા અને પ્રસાદ ખાઈ પરમ આનંદ માં રહ્યા, આણિગમ રાજાએ એ પ્રસાદ ન લેતાં ત્યાંજ રહેવા દીધો એ કારણથી એ ઘણોજ દુખ પામ્યો. ॥ ૫ ॥

તેના સો પુત્ર મરી ગયા. ધન ધાન્ય ઇત્યાદી જે કાંઈ હતું તે બધું જતું રહ્યું ત્યારે તે રાજાના મનમાં વીચાર ઉત્પન્ન થયો કે મારું આ સર્વે શ્રી સત્યદેવેજ નીશ્ચય હરણ કર્યું છે. ॥ ૬ ॥

એ માટે હવે જ્યાં શ્રી સત્યદેવનું પુજન હશે ત્યાંજ હું જઈશ એવું મનમાં લાવીને રાજા ગોપગણ પાસે આવ્યો. ॥ ૭ ॥

અને ભકિતથી એ ગોપગણ સાથે શ્રી સત્યદેવનું પુજન કરવા લાગ્યો ॥ ૮ ॥

તે પછી શ્રી સત્યદેવના પ્રસાદથી એ રાજા ધન તથા પુત્રવાન થયો અને આ મનુષ્ય લોકમાંના સર્વ સુખ ભોગવીને અંતે સત્યપુરને વિશે ગયો. ॥ ૯ ॥

આવું આ ઘણું દુરલભ શ્રી સત્યનારાયણ વ્રત જે કોઈ સ્વીકારે છે અથવા જે કોઇ ભકિત પુર્વક પુણ્ય અને ફળ આવી આપનાર શ્રી સત્યનારાયણની કથા સાંભળે છે.

તેને ભગવાન શ્રી સત્યદેવના પ્રસાદથી ધનધાન્ય વિગેરે સંપત્તી પ્રાપ્ત થાયછે. દરિદ્રી હોય તેને ધન લાભ થાયછે. બંધીખાને પડયો હોય તો તેથી મુકત થાય છે.

જેને ભય પ્રાપ્ત થયો હોય તો તે ભય થકી મુકત થાય આ સત્યછે. એમાં કાંઈપણ સંદેહ નથી. શ્રી સત્યદેવનુ વ્રત કરનારો માણસ આ લોકને વિષે સર્વ સુખ ભોગવી અંતે સત્યપુર એટલે વૈકુંઠને વિષે જાયછે. ॥ ૧૨ ॥

સુતજી કહેછે હે સૌનકઆદી રૂષિઓ આ પ્રમાણે

આપને શ્રી સત્યનારાયણ વ્રત કહ્યું તે વ્રત કર્યા થકી માણસ સર્વ દુખથકી મુક્ત થાય છે. ૧૩

તેમાં મુખ્યત્વે કરીને આ ઘોર કલિયુગમાં ફળ આપનારી આ શ્રી સત્યદેવની પુજાજ સમર્થ છે. કેટલાએક દીવસ સુધી આ સત્યનારાયણને (સત્યઇશ્વર) એવું કહે છે

કોઈ સત્યનારાયણ કોઈ સત્યદેવ એવું તેને કહે છે પણ એ ભગવાન અનેક રૂપ ધારણ કરીને સર્વ જીવ માત્રના ઇચ્છીત ફળ આપનારા ॥ ૧૫ ॥

ને કલિયુગને વિષે તો સનાતન એટલે ત્રિકાળ વ્રત રૂપિ એવા થશે. આ સત્યનારાયણ વ્રત કથાનો જે કોઈ નિત્ય પાઠ અગર શ્રવણ કરે તો તેને સુતજી કહે છે હે શૌનક આદી મુનિઓ શ્રી સત્યદેવના પ્રસાદથી સર્વ પાપો જતા રહે છે.

ઇતી શ્રી સ્કંધપુરાણે રેવાખંડે શ્રીસત્યનારાયણ વ્રતકથાયાં પંચમો અધ્યાયઃ

શ્રી સત્યનારાયણાર્પણ મસ્તુ.

સમાપ્ત.